# કડીના મહે.એડીશ્નલ સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.કડી

**રે.દિ.મુ.નંબર : ૨૨૪/૨૦૨૩**

**વાદી : પટેલ બીપીનભાઈ સોમાભાઈ તથા અન્ય ૧**

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી : પટેલ સોમાભાઈ જોઈતારામ વિગેરે ૫**

**બાબત : વચગાળાના તબકકે મનાઈ હુકમ મેળવવાની વાદીની આંક : ૫ વાળી અરજી લગત હુકમ...**

..................................................................

**ADVOCATES FOR THE PARTIES**
Mr A.H.MALEK FOR THE PLAINTIFFS
Mt. P.J.VYAS FOR THE DEFENDANT NO.1,2,4,5

..................................................................

**: : હુ ક મ : :**

(૧) **હાલની અરજી,** કેસ રેકર્ડ, રજુ દસ્તાવેજો, સંબધિત કાયદાકીય જોગવાઈ ધ્યાને લીધી. અરજી સંબધે સાંભળ્યા. હાલનો દાવો મોજે અગોલ તા.કડી જી.મહેસાણાના ખાતા નંબર ૧૩૬૫ના સર્વે નંબર ૧૩૨૦, ૪૭૬, ૫૮૨વાળી જમીનો આ કામના વાદી / પ્રતિવાદીઓના વડીલોપાર્જીત સંયુકત માલીકી કબજા ભોગવટાની આવેલ છે અને વાદીઓનો વારસાઈ હકકે વણવંહેચાયેલ હકક–હિત–હિસ્સો સમાયેલ હોય, વહેંચણી કરી ભાગે પડતી મિલકતનો શાંત અને પ્રત્યક્ષ કબજો સોંપી આપવા તથા કાયમી મનાઈ હુકમની દાદ સહ હાલનો દાવો સદર જમીનને સરળતા ખાતર હવે પછી દાવાવાળી જમીનો તરીકે સંબોધવામાં આવેલ છે. વાદી તરફે પોતાના દાવાના સમર્થનમાં નિશાની ૩/૧ થી ૩/૩૫ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે.

(૨) સદર દાવો ચાલતા સમય જાય તેમ હોઈ દરમ્યાનમાં દાવાવાળી મિલકત પ્રતિવાદીઓ કોઈને વેચાણ, ગીરો, બક્ષિશ કે અન્ય રીતે તબદીલ કરે કરાવે નહી તથા સદરહુ જમીનો ઉપર બેન્કો કે અર્ધ સરકારી કે સહકારી મંડળીઓમાંથી કોઈ પણ જાતનો બોજો ઉત્પન્ન કરે કરાવે નહી તથા કબજા ભોગવટામાં હરકત અંતરાય કરે–કરાવે નહી વિગેરે મુજબનો સદરહુ દાવાનો આખરી નિકાલ ન આવે ત્યાં સુધી કામચલાઉ મનાઈ હુકમની દાદ સહ દિવાની કાર્યરીતી સંહિતાના હુકમ : ૩૯ નિયમ : (૧)(૨) અન્વયે કામચલાઉ મનાઈ હુકમની માંગણી કરેલ છે.

(૩) આ કામે દાવો દાખલ થતા આ કામના પ્રતિવાદીઓને દાવા સમન્સ/નોટીસનો હુકમ કરવામાં આવેલ જેમાં પ્રતિવાદી નં.૩ને પ્રોસેસ વગર બજે પરત આવ્યા બાદ નિયત સમય મર્યાદામાં બજવણી કરવામાં વાદી નિષ્ફળ ગયેલ હોય, પ્રતિવાદી નં.૩ સામેનો દાવો ડીસમીસ કરતો હુકમ ફરમાવવામા આવેલ છે જ્યારે પ્રતિવાદી નં.૧,૨ તથા ૪,૫ તેમના વકીલશ્રી મારફતે હાજર થયેલા અને આંક : ૧૪થી દાવા–મનાઈ અરજીનો જવાબ રજુ રાખી દાવાની હકિકતોનો ઈન્કાર કરી વાદીનો દાવો રદ કરવા રજુઆત કરેલ છે.

(૪) બાદ દલીલના તબકકે બંનેપક્ષે પક્ષનિવેદન તથા રજુ પુરાવા ધ્યાને લઈ ન્યાયિક નિર્ણય થવા રજુઆત કરેલ છે.

(૫) **ઉપરોકત સમગ્ર હકિકત ધ્યાને લીધી. સમગ્ર હકિકતે નીચે મુજબના મુદદા ઉપસ્થિત થાય છે.**

(૧) શું વાદી પુરવાર કરે છે કે, વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે ?

(૨) શું સગવડ–અગવડની સમતુલા વાદીની તરફેણમાં છે ?

(૩) જો વાદીઓને માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપમાં ન આવે તો નાણાંથી પણ ભરપાઈ ન થઈ શકે તેવું પારાવાર નુકશાન થાય તેમ છે ?

(૪) શું હુકમ ?

(૬) **ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે :–**

(૧) અંશત: હકારમાં.

(૨) અંશત: હકારમાં.

(૩) અંશત: હકારમાં.

(૪) આખરી હુકમ મુજબ.

(૭) **ઉપરોકત મુદ્દાઓ માટેના મારા કારણો નીચે મુજબ છે :–**

***મુદ્દા નંબર : ૧, ૨ તથા ૩ :–***

સદર કામે મુદ્દાઓ નં. ૧ થી ૩નાઓ હકીકતોની દૃષ્ટિએ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોઈ પુરાવર્તન ટાળવા સારૂ ત્રણેયની ચર્ચા અહીં એકસાથે કરવામાં આવેલ છે.

**(એ)** સૌપ્રથમ વાદીએ હાલની અરજી વચગાળાના મનાઈ હુકમ મેળવવા સારુ દાખલ કરેલ હોય કેસની હકિકતને સંબધિત મનાઈ હુકમ સંબધે નામદાર સર્વોચ્ચ તથા વડી અદાલતોએ ઠરાવેલ સિંધ્ધાત ધ્યાને લેવામાં આવે તો, Temporary means during pendancy of suit. It does not conclude the rights and liabilities of the parties finally. and it is well settled principle that interim relief can always be granted in the aid of and as ancillary to the main relief available to the party on final determination of his rights in a suit. The primary object of granting interim relief is the preservation of property in dispute till legal rights and conflicting claims of the parties before the court are adjudicated. Further it would not be appropriate for any court to hold a mini-trial at the stage of grant of temporary injunction but only prima facie case is to be looked into.

**(બી)** આ કામે વાદી તરફે પોતાના દાવાની હકિકતની સાબિતી સારુ આ કામે વાદી તરફે નીશાની ૩/૧ થી ૩/૩૫ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે જે ધ્યાને લેવામાં

આવે તો દાવાવાળી જમીન વાદી–પ્રતિવાદીઓની વડીલોપાર્જીત આવેલ હોવાની હકિકતને સમર્થન પ્રાપ્ત થાય છે. દાવાવાળી મિલ્કતની વંહેચણીની દાદ સહ હાલનો દાવો દાખલ થયેલ હોય અને જો મનાઈ હુકમ ફરમાવવામાં  ન આવે અને પ્રતિવાદીઓ દાવાવાળી જમીન સબબ વેચાણ, તબદીલી, ગીરો, બક્ષીસ, બોજા ઉત્પન્ન કરતુ કોઈ કુત્ય કરે તો દાવાવાળી જમીનમાં ત્રાહિતનું હિત ઉત્પન્ન થાય જે દાવાના કામે થનાર હુકમ તથા હુકમનામાની અમલવારીમાં અંતરાયરુપ ઠરે અને હુકમનામાની અમલવારી વિલંબીત કરી શકે. વધુમાં તેવા વ્યવહારોના પરીણામે ત્રાહિતોની તરફેણમાં દાવાદુવીની સ્થિતિનું નિર્માણ થાય જેનાથી વાદીને હાડમારી ભોગવવાનો વારો આવે. દાવાવાળી જમીનમાં વાદીની સહ ખાતેદાર તરીકે વારસાઈ હકક હીત હીસ્સો રહેલ હોય અને વાદી ધ્વારા હાલનો દાવો દાવાવાળી જમીનમાં રહેલ પોતાનો હકક વહેંચણી કરી અલગ ઠરાવી આપવા તથા તે મુજબનો પ્રત્યક્ષ કબજો ભોગવટો મેળવવા દાખલ કરેલ હોય તે સં જોગોમાં વાદીનો હકક નિર્ણીત થાય તે દરમ્યાન દાવાવાળી જમીનના રેકર્ડે યથાવત પરિસ્થિતી જળવાઈ રહે અને દાવાવાળી જમીન સબબ ત્રાહીતોના હકક ઉત્પન્ન થાય નહી તે સારુ દાવાવાળી જમીન સબબ તબદીલી, ગીરો, બોજા સબબ માંગ્યા મુજબ કામચલાઉ મનાઈ હુકમ ફરમાવવો ન્યાયોચિત જણાય છે.  દાવાવાળી જમીન વંણવં હેચાયેલ છે અને તેથી તમામ સહમાલિકનો સંયુકત કબજો ભોગવટો ગણાય. દાવાવાળી જમીનના પ્રતયક્ષ કબજાની સ્થિતિ રેકડે સાબિત થયેલ નથી તે સંજોગોમાં દાવાવાળી જમીનના કબજા સબબ કામચલાઉ મનાઈ હુકમ ફરમાવવો હાલના તબકકે ન્યાયોચીત જણાતો નથી.

**(સી)** આમ હાલના દાવાના કામે રજુ દસ્તાવેજી પુરાવાથી વાદી પોતાનો કેસ પ્ર ાયમાફેશી સાબીત કરવામાં સફળ રહેલ હોય દાવો ચાલતા દરમ્યાન જો મનાઈ હુકમ

ફરમાવવામાં ન આવે તો પ્રતિવાદીઓ દાવાવાળી જમીનના રેકર્ડે આવેલ નામ આધારે વેચાણ કે તબદીલીના વ્યવહાર કરે કે દાવાવાળી જમીન ઉપર બોજા ઉત્પન્ન કરે તો  વાદીએ ત્રાહિતો સાથે દાવાદુવીમાં ઉતરવુ પડે અને જો વાદીની તરફેણમાં હુકમનામુ થાય તો તેની અમલબજવણીમાં પણ અગવડનો સામનો કરવો રહે તે સં જોગોમાં સગવડ અગવડની સમતુલાનુ ધોરણ પણ વાદીની તરફેણમાં જણાય છે તેમજ મનાઈ હુકમના અભાવે ઉદભવનાર પરિસ્થિતીથી વાદીને નાણાંથી પણ ભરપાઈ ન શકે તે મુજબનુ નુકશાન જાય તેમ જણાય છે તે સંજોગોમાં દાવાના આખરી નિર્ણય સુધી દાવાવાળી જમીનના રેકર્ડ જે તે સ્થિતિમાં જળવાઈ રહે તે સારુ વચગાળાના તબકકે વેચાણ, તબદીલી ગીરો, બક્ષિસ સબબ તમામ પક્ષકારોને આદેશમાત્મત મનાઈ હુકમ ફરમાવવાપાત્ર જણાય છે જયારે કબજાની સ્પષ્ટ સ્થિતિના પ્રાઈમાફેસી પુરાવાની ગેરહાજરીમાં કબજા સબબ હુકમ ફરમાવવાપાત્ર જણાતો ન હોય, **મુદદા નંબર : ૧ થી ૩ નો જવાબ અંશત: હકારમા** ઠરાવી **મુદદા નંબર : ૪** સબબ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## *-:: આ ખ રી હુ ક મ ::-*

*(૧)* *આથી* વાદીની હાલની **આંક-પની** કામચલાઉ મનાઈ હુકમની અરજી **અંશત: મંજુર** કરવામાં આવે છે.

(૨) આથી દાવાના વાદી-પ્રતિવાદી નં.૧,૨, ૪ અને પને આદેશ કરવામાં આવે છે કે મોજે અગોલ તા.કડી જી.મહેસાણાના ખાતા નંબર ૧૩૬પના સર્વે નંબર ૧૩૨૦, ૪૭૬, પ૮રવાળી જમીનોના પોતાના વણવંહેચાયેલા હિસ્સા સબબ ત્રાહિતની તરફેણમાં વેચાણ, ગીરો, બક્ષીસ વિગેરે તબદીલીના વ્યવહાર કરવા-કરાવવા નહી કે ત્રાહિતના

હકક ઉત્પન્ન થાય તેવુ કુત્ય કરવુ – કરાવવુ નહી તેવો દાવાનાં આખરી નિકાલ સુધીનો કામચલાઉ મનાઈ હુકમ ફરમાવવામાં આવે છે.

(૨) અરજીનો ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

આ હુકમ ***તારીખ ૩૦ મી માહે ઓગસ્ટ સને ૨૦૨૪ના*** રોજ ખુલ્લી જાહેર કર્યો.

તારીખ : ૩૦/૦૮/૨૦૨૪
**કડી**

**(ભાવિનકુમાર નવિનચંદ્ર જોષી)**
**એડી. સીવીલ જજ, કડી**
**(જીજે૦૧૨૬૧)**